ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૭.૦° સે. | ૨૩.૦° સે. |
| બારડોલી | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |
| ભરૂચ | ૩૮.૦° સે. | ૨૪.૦° સે. |
| વ્યારા | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |






અંકલેશ્વર શહેર, ગ્રામ્ય વિસ્તાર તેમજ જીઆઈડીસી વિસ્તારોમાં ભૂગર્ભ જળનું સ્તર નોંધપાત્ર રીતે નીચે જતાં અનેક બોરવેલ ફેઈલ થઈ ગયા, ગંભીર જળસંકટ ઊભું થવાનાં એંધાણ

# 700 ફૂટ ઊંડા બોર કરવા છતાં પાણી મળવું દુષ્કર

**કેટલાક** વિસ્તારોમાં બે-ત્રણ વર્ષ પહેલાં બનાવાયેલા બોર પણ નિષ્ફળ



અંકલેશ્વર: ગ્રીષ્મ ઋતુએ એપ્રિલ મહિનાની શરૂઆત સાથે જ આકરા તાપનો પરચો બતાવતાં લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. વધતી ગરમી વચ્ચે હવે પાણી માટેનો પોકાર પણ સંભળાવા લાગ્યો છે. 'જળ એ જ જીવન' જેવી કહેવતને અવગણતા સમાજ માટે આવનાર સમયમાં ગંભીર જળસંકટ ઊભું થવાનાં એંધાણ દેખાઈ રહ્યાં છે.

અંકલેશ્વર શહેર, ગ્રામ્ય વિસ્તાર તેમજ જીઆઈડીસી વિસ્તારોમાં ભૂગર્ભ જળનું સ્તર નોંધપાત્ર રીતે નીચે જતાં અનેક બોરવેલ ફેઈલ થઈ ગયા હોવાની ચર્ચાઓ ઊઠી છે. પરિણામે લોકો દ્વારા નવા બોર ખોદાવી જમીનના પેટાળમાંથી પાણી મેળવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ અગાઉ અંદાજે 500થી 600 ફૂટ ઊંડાઈએ સબમર્સિબલ પંપની મદદથી સરળતાથી પાણી મળી રહેતું હતું, પરંતુ હાલ પરિસ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ છે. ભૂગર્ભ જળનું સ્તર વધુ ઊંડે સરકતાં પાણી મેળવવું મુશ્કેલ બન્યું છે. જાણકારોના જણાવ્યા અનુસાર એક દાયકા પહેલાં માત્ર 100થી 200 ફૂટ બોર કરતાં જ પૂરતા દબાણ સાથે પાણી મળી રહેતું હતું. હાલની સ્થિતિમાં 600થી 700 ફૂટ સુધી બોર કર્યા બાદ પણ પાણી મળવાની કોઈ ખાતરી નથી. કેટલાક વિસ્તારોમાં બે-ત્રણ વર્ષ પહેલાં બનાવાયેલા બોર પણ અચાનક નિષ્ફળ થયા છે, જે ભવિષ્યના ગંભીર જળસંકટની ચેતવણી સમાન માનવામાં આવે છે. વિશેષજ્ઞોના મત મુજબ વરસાદી પાણીનો સંગ્રહ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ તથા પાણીના સંરક્ષણ અંગે તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં ઘણી જગ્યાએ હેન્ડપંપ મૂકવા છતાં શોભાના ગાંઠિયા જેવા બની ગયા છે. પાણી ન મળતાં ડુંગરાળ વિસ્તારમાં પાણી માટે ડુંગરા ખૂંદવા પડે છે.

### અંકલેશ્વરમાં જળસંકટ કેમ ઊભું થઈ રહ્યું છે?

અંકલેશ્વર વિસ્તારમાં ઝડપથી વધી રહેલા શહેરીકરણ અને ઔદ્યોગિક વિકાસને કારણે ભૂગર્ભ જળ પર ભારે નિર્ભરતા વધી છે. વરસાદી પાણીનો પૂરતો સંગ્રહ ન થવો અને જમીનમાં કુદરતી રિચાર્જ ઘટવાથી પાણીનું સ્તર દર વર્ષે નીચે સરકી રહ્યું છે. પરિણામે જૂના બોર નિષ્ફળ બનતા લોકો વધુ ઊંડા બોર તરફ વળી રહ્યા છે, જે લાંબા ગાળે પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે.

### જળ વ્યવસ્થાપન માટે શું કરવું જરૂરી?

» વરસાદી પાણીનું સંરક્ષણ » ભૂગર્ભ જળ રિચાર્જ પ્રોજેક્ટ » પાણી બચત અંગે સામૂહિક જાગૃતિ » સ્થાનિક સ્તરે પાણી વ્યવસ્થાપન

ભરબપોરે અપહરણ અને ૧૨ કિલોમીટર સુધી કોઈને ગંધ ન આવી!

# 'તું મારી સાથે સંબંધ કેમ રાખતી નથી?' કહી યુવકે યુવતીને ફટકારી

**ભરૂચની** ઘટના, યુવતીને બ્રેઈન હેમરેજ થાય ત્યાં સુધી પીટનાર આરોપી જયેન્દ્ર પરમારનાં 2 દિવસનાં રિમાન્ડ મંજૂર

ભરૂચ: ભરૂચ જિલ્લામાં એકતરફી પ્રેમના પાગલપનનો ભયાનક બનાવ સામે આવ્યો છે, જેમાં કોલેજ જવા નીકળેલી યુવતીનું અપહરણ કરી તેને ખેતરની ઓરડીમાં બંધક બનાવી નિર્દયતાપૂર્વક માર મારી હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ બનાવમાં પોલીસે આરોપી જયેન્દ્ર વિક્રમભાઈ પરમાર (ઉ.વ.25) સામે હત્યાના પ્રયાસ, અપહરણ અને છેડતી સહિતના ગંભીર ગુનાઓ દાખલ કરી 2 દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે.

મળતી માહિતી મુજબ ભરૂચ જિલ્લાના એક ગામની યુવતી ભરૂચ સ્થિત કોલેજમાં અભ્યાસ કરતી હતી. કોલેજ દરમિયાન તેની ઓળખાણ આરોપી જયેન્દ્ર પરમાર સાથે થઈ હતી, પરંતુ આરોપી યુવક યુવતી સાથે એકતરફી પ્રેમ રાખતો હતો. યુવતીએ આ સંબંધને સ્વીકાર્યો ન હતો અને તેના પ્રસ્તાવોને અવગણ્યા હતા. ઘટનાના દિવસે યુવતી પોતાના ગામથી એસ.ટી. બસ મારફતે ભરૂચ સિટી સેન્ટર પહોંચી હતી અને ત્યાંથી કોલેજ જવા નીકળી હતી. દરમિયાન આરોપી જયેન્દ્ર પરમાર મોપેડ લઈને યુવતીનો સિટી સેન્ટરથી શીતલ સર્કલ સુધી પીછો કરતો રહ્યો હતો. બાદ આરોપીએ યુવતીને ધાકધમકી આપી અને બ્લેકમેઈલ કરીને જબરદસ્તી મોપેડ ઉપર બેસાડી લીધી હતી. યુવતીને લગભગ 10થી 12 કિલોમીટર દૂર ત્રાલસા ગામ નજીક મિત્રના ખેતરમાં આવેલી એક ઓરડીમાં લઈ જવામાં આવી હતી, જ્યાં આરોપીએ અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો.

ઓરડીમાં આરોપીએ યુવતીને "તું મારી સાથે સંબંધ કેમ રાખતી નથી" કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ રૂમમાં પડેલા લોખંડના પાઈપ અને લાકડાના દંડા વડે યુવતીને બંને પગ, શરીર અને ખાસ કરીને માથાના ભાગે ગંભીર રીતે માર માર્યો હતો. હુમલાના કારણે યુવતીના માથામાં ફ્રેક્ચર થવા સાથે બ્રેઈન હેમરેજ થયું હતું, જે જીવલેણ સાબિત થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

યુવતી પોતાનો બચાવ કરવા માટે રૂમના ધાબા તરફ દોડી ગઈ હતી, પરંતુ આરોપીએ તેને પકડીને સીડી પરથી ઘસડી નાંખી હતી, જેના કારણે તેના શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજા પહોંચી હતી. બાદમાં યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

આ બનાવ અંગે યુવતીના પરિવારજનોએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી જયેન્દ્ર પરમારને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના સામે અપહરણ, હત્યાનો પ્રયાસ, શારીરિક છેડતી જેવા ગંભીર ગુનાઓ દાખલ કરી કોર્ટ સમક્ષ રજૂ કરતાં 2 દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે. હાલ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે અને સમગ્ર બનાવને લઈ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ૩૯ વર્ષની સમર્પિત સેવા બાદ વરજાખણનાં શિક્ષિકા ભારતીબેન પરમારને વિદાયમાન


હિતેશ પટેલ

માંડવી: વરજાખણસ્થિત પી.એમ. શ્રી પ્રાથમિક શાળામાં નિવૃત્ત થતાં શિક્ષિકા ભારતીબેન લક્ષ્મણસિંહ પરમારના સન્માનાર્થે ભાવસભર સમારોહ યોજાયો હતો. ૩૯ વર્ષ સુધી શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવા આપનાર ભારતીબેનને આ પ્રસંગે ભવ્ય અને લાગણીસભર વિદાય અપાઈ હતી. સમારંભમાં પ.પૂ. સ્વામી સવિતાનંદજી, તાલુકા વિકાસ અધિકારી રવિન્દ્રસિંહ સોલંકી તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિલેશભાઈ વસાવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા તથા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો, સરપંચ રાગિણીબેન ગણેશભાઈ ગામીત તેમજ મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન મુખ્ય શિક્ષક અજયભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. સ્વામી સવિતાનંદજીએ પોતાના પ્રવચનમાં શિક્ષક અને ખેડૂતને સમાજના આધારસ્તંભ ગણાવી શિક્ષક-વિદ્યાર્થીના પવિત્ર સંબંધનું મહત્ત્વ સમજાવ્યું હતું અને શિક્ષક પ્રત્યે સદાય માન જાળવવા અનુરોધ કર્યો હતો. સમારંભના અંતે ભારતીબેન પરમારની દીર્ઘ અને સમર્પિત સેવાઓને બિરદાવતા તેમનો સન્માન કરવામાં આવ્યો હતો. અંતમાં ભારતીબેન પરમાર તથા તેમના પતિ ગણપતસિંહ મહિડાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સિંગોદ પ્રાથમિક શાળાના ધોરણ-5ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



બારડોલી: સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત બારડોલીની સિંગોદ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો.5ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ધો.5માં અભ્યાસ કરતા 9 કુમાર અને 11 કન્યા મળી કુલ 20 બાળક હવે આગામી શૈક્ષણિક વર્ષમાં ધોરણ 6માં પ્રવેશ મેળવવા અન્ય શાળામાં જઈ રહ્યા હોવાથી, શાળાના પટાંગણમાં આ ભાવવિભોર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન શાળાના ઉપશિક્ષકો છાયાબેન, કાશમીરાબેન અને શૈલેષભાઇએ બાળકોને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. શાળાના મુખ્ય શિક્ષક નાનશિંગભાઈએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરતા બાળકોને પ્રગતિના પંથે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.


### કીમમાં ભાથીજી મહારાજ મંદિરની સાલગીરી


કિરણ ઢોડિયા

કીમ: કીમના શ્રી ભાથીજી મહારાજ મંદિરની સાલગીરી મહોત્સવ તેમજ શ્રી સોમેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા.૨/૪/૨૦૨૬ ને ગુરુવારના રોજ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ પવિત્ર અવસર પર સાંજે ૪:૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગામ તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. છેલ્લા બે દિવસથી યજ્ઞ અને હવન પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ત્રણ દિવસ સુધી ચાલેલા આ મહોત્સવમાં ધાર્મિક વિધિઓ, પૂજા-અર્ચના અને ભક્તિમય કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવ દરમિયાન આશરે ૨૧ હજારથી પણ વધુ ભક્તો માટે મહાપ્રસાદી અને ભંડારાનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો. ટ્રસ્ટ પાસેથી મળેલી માહિતી મુજબ ભાથીજી મહારાજ મંદિરની સ્થાપના વર્ષ-૧૯૫૩માં કરવામાં આવી હતી અને છેલ્લાં લગભગ ૩૦ વર્ષથી અહીં નિયમિત રીતે સાલગીરી મહોત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ પ્રથમ દિવસે સોમેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે શોભાયાત્રા, બીજા દિવસે હવન-પૂજા અને ત્રીજા દિવસે રામદેવપીર તથા ભાથીજી મહારાજ મંદિરની સાલગીરી નિમિત્તે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરની સાલગીરી નિમિત્તે ઓલપાડ તાલુકાના ધારાસભ્ય મુકેશ પટેલ દ્વારા સોમેશ્વર મહાદેવ મંદિરના દર્શનનો લાભ લઈ ભક્તોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# વેલાછા ગામમાં નમી ગયેલા વીજ પોલથી ગંભીર દુર્ઘટનાનું સંકટ

**નિવૃત્ત** તલાટીની લેખિત ફરિયાદ છતાં અધિકારીઓના પેટનું પાણી હલતું નથી


ઈબ્રાહીમ કાનુ

હથોડા: વેલાછા ગામે રહેણાક વિસ્તારમાં છેલ્લા કેટલાક વખતથી વીજપોલ જર્જરીત બનીને એક તરફ નમી જતાં વિસ્તારના લોકો ભયભીત બન્યા છે. આ જર્જરિત વીજપોલ તાત્કાલિક ધોરણે બદલવાની માંગ લેખિતમાં કરી હોવા છતાં જીઇબીના તંત્રની નિષ્ક્રિયતા અને બેદરકારીના કારણે ગંભીર અકસ્માત સર્જાવાની દહેશત સેવાઈ રહી છે.

વેલાછા ગામે પંચાયત નજીક રહેતા નિવૃત્ત તલાટી કમ મંત્રી મહેન્દ્રસિંહ અમરસિંહ વસીએ કોસંબા ગુજરાત વિદ્યુત બોર્ડ કચેરીને લેખિતમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વેલાછા ગામે રહેણાક વિસ્તારમાં આવેલા જૂના ફિલ્ટર પ્લાન્ટની પાછળ લાંબા સમયથી એક વીજ પોલ તદ્દન જર્જરિત બનીને નમી ગયો છે. આ વીજ પોલ પરથી કનેક્શન આપવામાં આવ્યું છે. આ વીજ પોલ નજીકથી વિસ્તારના લોકો તેમજ મૂંગાં પ્રાણીઓની પણ અવરજવર રહે છે. આકસ્મિક રીતે વીજ પોલ તૂટી પડશે તો કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં જર્જરિત બનેલા વીજ પોલ બદલવાની અત્યંત જરૂર છે. વીજપોલ બદલવા માટે એક મહિનાથી કોસંબા કચેરીને જાણ કરવા છતાં તંત્ર આરામ ફરમાવે છે. કોઈ ગંભીર અકસ્માત સર્જાશે અને નુકસાન થશે તો સંપૂર્ણ જવાબદારી જીઇબીના જવાબદાર અધિકારીની રહેશે તેવું પણ લેખિતમાં જણાવ્યું છે. શું કોઈ અકસ્માત સર્જાય તે પહેલા કોસંબા જીઈબીના જવાબદાર અધિકારી આ બાબતે ધ્યાન આપશે ખરા?

# બારડોલીમાં નંબર પ્લેટ વગરની ટ્રકે અડફેટે લેતાં રિક્ષાચાલકનું મોત





બારડોલી: બારડોલીના હીરા પન્ના માર્કેટ પાસે શુક્રવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મીંઢોળા ચોકડી તરફથી આવતી માટી ભરેલી અને નંબર પ્લેટ વગરની એક બેફામ ટ્રકે રિક્ષાને જોરદાર ટક્કર મારતાં રિક્ષાચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર પત્ની અને પુત્રનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ પલસાણાના તાંતીથૈયા ગામે રહેતા ૪૮ વર્ષીય રામઅવતાર તુલસીરામ મૌર્ય રિક્ષા નં.(જીજે ૦૫ એઝેડ ૬૫૦૬) લઈ પત્ની અને ૧૮ વર્ષીય પુત્ર સાથે બારડોલી માળી કામ માટે આવ્યા હતા. કામ પતાવી જ્યારે તેઓ પરત જઈ રહ્યા હતા, ત્યારે જૂની કોર્ટ સામે હીરા પન્ના માર્કેટ પાસે પાછળથી પૂરઝડપે આવતી માટી ભરેલી ટ્રકે રિક્ષાને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે રિક્ષા ટ્રક સાથે ઘસડાઈ હતી અને ચાલક રામઅવતાર રિક્ષામાંથી બહાર ફંગોળાયા હતા. ટ્રકના ટાયર નીચે કચડાઈ જવાથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક વાહન છોડી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે લોકોનાં ટોળાં ઊમટી પડ્યાં હતાં અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

બારડોલી પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, શહેરમાં માટી, રેતી અને કપચી ભરેલી ટ્રકોની બેફામ ગતિના કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે. સ્થાનિકોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

# સોનગઢના મોઘવણમાં પાન-માવો ન આપતાં યુવક પર કુહાડીથી હુમલો

**આરોપીએ** રસ્તો આંતરી પ્રદીપ પર હુમલો કર્યો

સોનગઢ: સોનગઢના મોઘવાણ ગામે પાન-માવો જેવી નજીવી બાબતે થયેલી તકરારમાં ગામના જ એક શખ્સે પાન-માવો ન લઈ આપવાની અદાવત રાખી એક યુવક પર કુહાડી વડે હુમલો કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ બનાવ અંગે પ્રદીપભાઈ રાજેશભાઈ ગામીતે સોનગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી પ્રદિપભાઈ ગત ૧લી એપ્રિલના રોજ સાંજના સમયે નિશાળ ફળિયામાં આવેલી દુકાને પાન-માવો લેવા ગયા હતા. તે સમયે ત્યાં હાજર આરોપી સિંગાભાઈ સામાભાઈ ગામીતે પ્રદીપભાઈ પાસે માવાની માંગણી કરી હતી. પ્રદીપભાઈએ માવો લઈ આપવાની ના પાડતાં બંને વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ હતી. આ મનદુઃખ રાખી રાત્રિના સમયે જ્યારે પ્રદીપ ફરીથી દુકાનેથી પરત ફરી રહ્યો હતો, ત્યારે આરોપીએ તેને રસ્તામાં અટકાવી ગાળાગાળી કરી હતી.

તકરાર વધતાં આરોપી સિંગાભાઈએ ઉશ્કેરાઈને નજીકમાં પડેલી કુહાડી ઉઠાવી પ્રદીપભાઈ પર હુમલો કર્યો હતો અને તેમની પીઠના ભાગે કુહાડીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલાને પગલે લોહીલુહાણ થયેલા યુવકને તાત્કાલિક ૧૦૮ મારફતે વ્યારા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને સારવાર આપી રજા આપવામાં આવી હતી. જે ફરિયાદને પગલે સોનગઢ પોલીસે આ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# 'તું તારા પતિથી કેમ દબાયેલી રહે છે?' કહી પતિ પર બેટથી પ્રહાર

**ભરૂચમાં** પત્નીને સાસરે મૂકવા ગયેલા યુવક પર ચાર ઈસમે હુમલો કર્યો

ભરૂચ: ભરૂચ-કુકરવાડા રોડ પર આવેલા તાડ ફળિયામાં રહેતા ડ્રાઈવર તરીકે કામ કરતા રવિન્દ્રભાઈ દલસિંગભાઇ બારિયા (ઉં.વ.31) ભરૂચની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પોતાની પત્ની કોમલબેનને સાસરે મૂકવા ગયાં હતાં. ત્યાં શૈલેષભાઇ વસાવાએ તેમની પત્નીને કહ્યું કે, "તું તારા પતિથી કેમ દબાયેલી રહે છે?" ત્યારબાદ શૈલેષ ફરિયાદીને અપશબ્દો કહી ઢીકાપાટુથી માર મારવા માંડ્યો હતો. ત્યારબાદ રાહુલ ઉર્ફે કાળિયો વસાવાએ બેટ વડે તેમની કમર પર પ્રહાર કર્યો હતો. નરેશ ઉર્ફે ભુરિયો વસાવાએ ડાબા હાથના અંગૂઠા પાસે પ્લાસ્ટિકની પાઈપ મારી ઈજા પહોંચાડી હતી. બાદ વિશાલભાઈએ પાઈપ વડે પ્રહાર કરતાં માથામાંથી લોહી નીકળી ગયું હતું. ફરિયાદીના માથાના ભાગે ચાર ટાંકા આવ્યા છે. આ ઝઘડામાં ફરિયાદીની પત્ની કોમલબેનને સામાન્ય ઈજા થતાં હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. આ બનાવ અંગે ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વિશાલભાઈ વસાવા (રહે.,વાઘરીવાડ, લીમડી ચોક), રાહુલ ઉર્ફે કાળિયો વસાવા (રહે.,વાઘરીવાડ, લીમડી ચોક), નરેશ વસાવા (રહે.,નન્નુમિયા ઝૂંપડપટ્ટી) અને શૈલેષભાઈ વસાવા (રિક્ષાચાલક) (રહે., નન્નુમિયા ઝૂંપડપટ્ટી, ભરૂચ) સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વળતા પાણી: નર્મદા નદીમાં મત્સ્યોદ્યોગ સંકટમાં

**સ્થળાંતર** કરતી મીઠા પાણીની માછલીઓને કારણે સ્થિતિ વિકટ

ભરૂચ: ભરૂચ જિલ્લાની નર્મદા નદી સહિત ભારતની નદીઓમાં સ્થળાંતર કરતી મીઠા પાણીની માછલીઓની સ્થિતિ દિવસે ને દિવસે વિકટ બનતી જાય છે. તાજેતરમાં વૈશ્વિક અહેવાલ 'સ્થળાંતરિત તાજા પાણીની માછલીઓનું વૈશ્વિક મૂલ્યાંકન 2025'માં આ જૂથને 'સૌથી વધુ જોખમી કરોડ અસ્થિધારી પ્રાણીઓ'માં ગણાવાયું છે. આ અહેવાલ સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ માટે (CMS) માટે તૈયાર કરવામાં આવ્યો છે આ અહેવાલમાં, સમગ્ર વિશ્વમાં 349 સ્થળાંતર કરતી તાજા પાણીની માછલીઓ CMS હેઠળ રક્ષણ માટે લાયક ઠરે છે, પરંતુ હાલમાં માત્ર 24 જ પ્રજાતિઓને કાનૂની સુરક્ષા પ્રાપ્ત છે. બાકીની 325 પ્રજાતિઓમાંથી આશરે 205 એશિયામાં કેન્દ્રિત છે, જે ભારત જેવા દેશો માટે ચિંતાનો વિષય છે. નદીઓ પર નિર્માણ પામતા બંધો, જળવિદ્યુત પ્રોજેક્ટ્સ અને બેરેજને કારણે હજારો માછીમારોએ પોતાની આજીવિકા ગુમાવી છે. નદી અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે કાર્ય કરતી એક જળચર NGO સંસ્થાના સંયોજક હિમાંશુ ઠક્કર મત વ્યકત કર્યો છે કે, "પહેલું પગલું એ સ્વીકારવાનું છે કે બંધ અને બેરેજની માછલીઓ, માછીમારી અને માછીમારો પર ગંભીર અસર થાય છે. ત્યારબાદ આ અસરોનું મૂલ્યાંકન કરીને સતત સ્થળાંતર સુનિશ્ચિત કરવા માટેના વિકલ્પો શોધવા જરૂરી છે."

## સંક્ષિપ્ત સમાચાર

### વેલુકમાં અન્ય સાથે વિડીયો કોલ પર વાત કરતા પતિ જોઈ જતાં પરિણીતાએ ફાંસો ખાધો

સાયણ: ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના વેલુક ગામે રહી અનાજ કરિયાણાની દુકાન ચલાવતા એક રાજસ્થાની પરિવારની ૨૭ વર્ષીય પરિણિતાએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. મૂળ રાજસ્થાનના ભીલવાડાના હિરેન સોહનલાલ તૈલી (ઉં.વ.૨૮)હાલમાં તેના પરિવાર સાથે ઓલપાડના વેલુક ગામે દેસાઈ ફળિયામાં રહી ગામમાં અનાજ કરિયાણાની દુકાન ચલાવે છે. તેની ૨૭ વર્ષીય પત્ની મીનાબેન ગત બુધવાર,તા.૧ના રોજ કોઈ ઈસમ સાથે મોબાઈલ ઉપર વિડીયો કોલમાં વાતો કરી રહી હતી. એ સમયે તેનો પતિ હિરેન જોઈ ગયો હતો અને પત્ની મીનાબેનને ઠપકો આપી કહ્યું હતું કે, 'તું કેમ આ ઈસમ સાથે મોબાઈલમાં વિડીયો કોલ ઉપર વાતો કરે છે'? જેથી તેમને માઠું લાગી આવતાં ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

### કડોદરામાં ચોથા માળેથી ઝંપલાવતાં યુવકનું મોત

પલસાણા : કડોદરા જીઆઈડીસી પોલીસ મથકની હદમાં આવેલા ઠાકોરજી કોમ્પ્લેક્સમાં રહેતા ૩૦ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરની બારીમાંથી પડતું મૂકતા તેનું મોત નીપજ્યું છે. ઘટનાની વિગત મુજબ, કડોદરાના ઠાકોરજી કોમ્પ્લેક્સમાં ચોથા માળે રહેતા મહેશ બાબુલાલ પાટીલ (ઉં.વ. ૩૦) એ ગત તારીખ ૦૨/૦૪/૨૦૨૬ના રોજ સવારે આશરે ૮:૪૫ વાગ્યાના સુમારે અચાનક પોતાના ઘરની બારીમાંથી નીચે ઝંપલાવ્યું હતું. તેને સારવાર માટે સ્મીમેરમાં ખસેડાયો હતો જ્યાં બપોરે ૧ વાગ્યાના અરસામાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના વતનીએ ક્યા કારણસર આ પગલું ભર્યું તે જાણવા મળ્યું નથી.

### માંડવીના સૂપડી વિસ્તારમાં છાશ વિતરણ કરાયું


હિતેશ પટેલ

માંડવી: માંડવીના સૂપડી વિસ્તારમાં સમસ્ત હિંદુ સમાજ દ્વારા ઉનાળાની તીવ્ર ગરમીને ધ્યાનમાં રાખી રાહદારીઓ અને મુસાફરો માટે ઠંડી છાશનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સેવા ભાવના સાથે યોજાયેલા આ કાર્યક્રમને સ્થાનિક લોકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. માંડવીના બસ સ્ટેન્ડ નજીક આવેલા સુપડી વિસ્તારમાંથી રસ્તા પરથી પસાર થતા લોકો માટે તાત્કાલિક રાહત ઉપલબ્ધ થાય તે હેતુસર આ આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં રાહદારીઓ અને મુસાફરોએ છાશનો લાભ લઈ ગરમીમાંથી રાહત અનુભવી હતી.